TATA SHAKTEE GC SHEET
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
ISC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૭૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?

ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ વદ ત્રીજ શુક્રવાર 3 જુલાઇ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૧૪

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

દેશના અનેક ભાગોમાં ભારે વરસાદ: ૬નાં મોત

મુંબઈ

હિમાચલ પ્રદેશમાં ચારનાં મોત નિપજ્યા, ઉત્તરાખંડમાં પણ ભારે વરસાદ, કેદારનાથ યાત્રા અટકાવી દેવાઇ

મુંબઇમાં ભારે વરસાદ વચ્ચે વરસાદને લગતી ઘટનાઓમાં બેનાં મોત

રાજધાની દિલ્હીમાં ચોમાસાનો આરંભ, ભારે વરસાદ: રાજસ્થાનના ૨૫ જિલ્લાઓમાં એલર્ટ

નવી દિલ્હી, તા. 2 : દક્ષિણ-પશ્ચિમ ચોમાસાએ દેશના કેટલાક ભાગોમાં લાંબા સમયથી ચાલી રહેલી ગરમીથી ખૂબ જ જરૂરી રાહત અપાવી છે, પરંતુ તેની સાથે ગુરુવારે વિનાશ અને મોતના સમાચાર પણ આવ્યા છે. હિમાચલ પ્રદેશ અને મહારાષ્ટ્રમાં વરસાદને લગતી ઘટનાઓમાં ઓછામાં ઓછા છ લોકોના મોત થયા છે.

ભારે વરસાદને કારણે કેટલાક રાજ્યોમાં ઘોડાપૂર, ભૂસ્ખલન, ટ્રાફિક જામ અને હવામાન વિભાગની ચેતવણીઓ જોવા મળી હતી. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના ડેટા અનુસાર, શિમલા અને ચંબા જિલ્લામાં વરસાદ સંબંધિત અલગ-અલગ અકસ્માતોમાં ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે મંડી જિલ્લામાં એક વ્યક્તિના મોતના સમાચાર છે. ઉત્તરાખંડમાં ચોમાસા બાદ ભારે વરસાદ ચાલુ છે. ગુરુવારે રુદ્રપ્રયાગ, ચમોલી સહિતના અનેક જિલ્લાઓમાં ભૂસ્ખલનને કારણે રસ્તાઓ બંધ થઈ ગયા છે. બદ્રીનાથ અને કેદારેશ્વર હાઈવે પર સતત પથ્થરો પડી રહ્યા છે. સુરક્ષાના કારણોસર કેદારનાથ યાત્રા હાલ પૂરતી રોકી દેવામાં આવી છે. મહારાષ્ટ્રમાં પણ ભારે વરસાદ ચાલુ છે. મુંબઈ, થાણે, પાલઘર અને રાયગઢમાં રેડ એલર્ટ જાહેર કરાયું છે. મુંબઈમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૨ મિમી વરસાદ નોંધાયો છે. બીજી તરફ, મધ્યપ્રદેશના ઈન્દોરમાં વરસાદ દરમિયાન એક કાર નાળામાં ખાબકી ગઈ હતી.

સિહોરમાં વરસાદના ભારે પ્રવાહમાં બાઈક પણ તણાઈ ગઈ હતી. ભારે વરસાદ વચ્ચે ગુરુવારે સાકીનાકા વિસ્તારમાં એક આધેડ વ્યક્તિનું ખુલ્લા મેનહોલમાં પડી જવાથી મોત નીપજ્યું હતું. જ્યારે થાણેના મુંબ્રામાં ખાડામાં પડેલા વાયરને કારણે એક યુવતિને કરંટ લાગતા તેનું મૃત્યું થયું હતું.

ચોમાસાએ ગુરુવારે ૭ દિવસના વિલંબ સાથે રાજસ્થાનમાં અને ૫ દિવસના વિલંબ સાથે દિલ્હીમાં દસ્તક આપી છે. દિલ્હીમાં આજે સવારથી જ ભારે વરસાદ પડી રહ્યો છે. રાજસ્થાનના જયપુર-દૌસા સહિત ૨૫ જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યું છે. ગુજરાતના પણ કેટલાક ભાગમાં ભારે વરસાદ પડ્યો છે.

8 જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદની ચેતવણી

સૌથી વધુ સૌરાષ્ટ્રના માંગરોળ-કેશોદમાં 11 ઇંચ વરસાદ

દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં ચાર દિવસ રેડ એલર્ટ, ગુજરાત પર 5 વેધર સિસ્ટમ સક્રિય

ગાંધીનગર : ગુજરાતમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું વધુ સક્રિય બનતાં રાજ્યના અનેક વિસ્તારોમાં ભારે વરસાદી માહોલ જામ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી ઉપર સર્જાયેલા લો-પ્રેશર સિસ્ટમ, ઓફ-શોર ટ્રફ અને અન્ય અનુકૂળ હવામાનીય પરિબળોના કારણે આગામી કેટલાક દિવસો સુધી રાજ્યમાં વરસાદી પ્રવૃત્તિ યથાવત રહેવાની શક્યતા છે. બીજી તરફ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડાઓ મુજબ ગુરુવારે રાજ્યના સરેરાશ 157 તાલુકામાં ધોધમાર વરસાદ નોંધાયો હતો, જ્યારે હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓ માટે આગામી ચાર દિવસ સુધી રેડ એલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી અને ઉત્તર ઓડિશા-પશ્ચિમ બંગાળના દરિયાકાંઠા નજીક સર્જાયેલા લો-પ્રેશર એરિયાની અસર હેઠળ ગુજરાતમાં આગામી દિવસોમાં ભારે વરસાદની સંભાવના છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસું પણ રાજ્યના વધુ વિસ્તારોમાં આગળ વધ્યું છે અને આગામી બે-ત્રણ દિવસ દરમિયાન સમગ્ર ગુજરાતમાં ચોમાસું આગળ વધવા માટે સ્થિતિ અનુકૂળ હોવાનું વિભાગે જણાવ્યું છે. ઓફ-શોર ટ્રફ, શિયર ઝોન અને પશ્ચિમી વિક્ષેપ સહિતની વિવિધ હવામાનીય સિસ્ટમો પણ હાલ સક્રિય હોવાથી વરસાદી માહોલ વધુ જામી શકે છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે છેલ્લા 24 કલાક દરમિયાન દક્ષિણ ગુજરાતના મોટાભાગના વિસ્તારો અને સૌરાષ્ટ્રના અનેક સ્થળોએ વરસાદ નોંધાયો હતો, જ્યારે કચ્છમાં મોટાભાગે વાતાવરણ સૂકું રહ્યું હતું. સુરત, વલસાડ, દમણ, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં અતિ ભારે વરસાદ નોંધાયો હતો. જ્યારે તાપી, નર્મદા, નવસારી, દાદરા અને નગર હવેલી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ વરસ્યો હતો.

આગામી દિવસોની આગાહી મુજબ 3થી 6 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ તેમજ દમણ અને દાદરા-નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા હોવાથી રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર અને અમરેલી જિલ્લાના વિવિધ દિવસોમાં પણ રેડ એલર્ટ જાહેર કરાયું છે. 7થી 9 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી, વલસાડ તથા સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની સંભાવનાને ધ્યાનમાં રાખીને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી ત્રણ દિવસ દરમિયાન રાજ્યમાં મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. ગુરુવારે અમદાવાદમાં 40 ડિગ્રી સેલ્સિયસ સાથે રાજ્યનું સૌથી વધુ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે રાજકોટ, ગાંધીનગર, કંડલા એરપોર્ટ અને ડીસામાં 39 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 38 ડિગ્રી તથા ભૂજમાં 37 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં આગામી 24 કલાક દરમિયાન સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે એકથી બે ઝાપટાં અથવા ગાજવીજ સાથે વરસાદની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યના વિવિધ તાલુકાઓમાં નોંધાયેલો વરસાદ

ગુજરાતમાં ચોમાસાએ હવે વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઓફશોર ટ્રફ, ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી ઉપર સર્જાયેલું લો-પ્રેશર એરિયા, અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન, શિયર ઝોન અને પશ્ચિમી વિક્ષેપ (વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ) સહિત પાંચ હવામાનીય સિસ્ટમ એકસાથે સક્રિય થતાં આગામી 8 જુલાઈ સુધી રાજ્યના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને 5 અને 6 જુલાઈ દરમિયાન વરસાદનું જોર વધુ રહેવાની આગાહી સાથે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી મુજબ 3થી 6 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ તેમજ દમણ અને દાદરા-નગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવના છે. બીજી તરફ સૌરાષ્ટ્રના પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ, ભાવનગર અને અમરેલી જિલ્લામાં પણ અલગ-અલગ દિવસોમાં અતિભારે વરસાદની ચેતવણી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ત્યારબાદ 7થી 9 જુલાઈ દરમિયાન દક્ષિણ ગુજરાતના ડાંગ, નવસારી અને વલસાડ તેમજ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અમલમાં રહેશે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, હાલ સક્રિય તમામ હવામાનીય પરિબળોની સંયુક્ત અસરને કારણે રાજ્યમાં વ્યાપક વરસાદી માહોલ સર્જાશે. દક્ષિણ ગુજરાતમાં મોટાભાગના સ્થળોએ જ્યારે સૌરાષ્ટ્રમાં અનેક સ્થળોએ ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવા, નદીઓમાં જળસ્તર વધવા અને કેટલાક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાવાની શક્યતા હોવાથી સ્થાનિક તંત્રને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ ભારે પવન અને ઉગ્ર સમુદ્રની સ્થિતિની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જેના પગલે માછીમારોને આગામી પાંચ દિવસ સુધી દરિયો ન ખેડવાની સલાહ આપવામાં આવી છે. સાથે જ નાગરિકોને પણ હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખી જરૂરી સાવચેતી રાખવા અને બિનજરૂરી મુસાફરી ટાળવા અપીલ કરવામાં આવી છે.

માંગરોળ	11 ઇંચ
કેશોદમાં	11 ઇંચ
માણાવદર	9 ઇંચ
માળિયા હાટિના	8.58 ઇંચ
સુત્રાપાડામાં	8 ઇંચ
જામજોધપુર	7 ઇંચ
પ્રભાસ પાટણ	6.61 ઇંચ
વેરાવળ	6.61 ઇંચ
કુતિયાણા	6 ઇંચ
વંથલીમાં	4 ઇંચ
કોડીનાર	4 ઇંચ
ઓલપાડ	3.70 ઇંચ
ઉપલેટામાં	3.46 ઇંચ
સાગબારા	3.27 ઇંચ
તલાલા	3 ઇંચ
ગોંડલ	2.83 ઇંચ
ધોરાજી	2.60 ઇંચ
કુંકાવાવ-વડિયા	2.60 ઇંચ
જૂનાગઢ સિટી	2.32
જામકંડોરણા	2.48 ઇંચ
કવાંટમાં	2.20 ઇંચ
બગસરા	2.05 ઇંચ

હવે ભારતની પૂર્વમાં નવી કોરિડોર રચવાની ચીનની હિલચાલ

નવી દિલ્હી, તા. 2: ચીનનો દક્ષિણ એશિયામાં મહત્વાકાંક્ષી કનેક્ટિવિટી વધારવાનો પ્રયાસ હવે એક નવા તબક્કામાં પ્રવેશી રહ્યો છે. આ વખતે તે ભારતના પૂર્વ ભાગમાં છે. ચાઇના-પાકિસ્તાન ઇકોનોમિક કોરિડોર (CPEC) માં અબજો ડોલર ઠાલવ્યા પછી, બેઇજિંગે હવે મ્યાનમાર થઈને ચીનને બાંગ્લાદેશ સાથે જોડતા આર્થિક કોરિડોરનો પ્રસ્તાવ મૂક્યો છે. અરબી સમુદ્ર સુધી પહોંચ મેળવ્યા બાદ, ચીન હવે બંગાળની ખાડી સુધીના માર્ગ પર નજર રાખી રહ્યું છે.

અહેવાલો અનુસાર, બાંગ્લાદેશના વડાપ્રધાન તારિક રહેમાનની તાજેતરની બેઇજિંગ મુલાકાત દરમિયાન ચીને આ આંતરરાષ્ટ્રીય આર્થિક કોરિડોરનો પ્રસ્તાવ મૂક્યો હતો, જ્યાં રાષ્ટ્રપતિ શી જિનપિંગે દ્વિપક્ષીય સંબંધોને વધુ ગાઢ બનાવવાના વ્યાપક પ્રયાસોના ભાગરૂપે આ વિચારને સમર્થન આપ્યું હતું. કાગળ પર, આ

...અનુસંધાન પાના 15 પર

હવે બોર્ડના માર્ક્સ ગેમ ચેન્જર બનશે

એડમિશન સિસ્ટમમાં મોટો ફેરબદલ: હવે NEET અને JEEમાં બોર્ડની પરીક્ષાને મળી શકે છે 50% વેઇટેજ!

પરીક્ષા માટે બહુવિધ તકો આપવા પર પણ વિચાર

નવી દિલ્હી, તા. 1 (PTI): સૂત્રોના જણાવ્યા અનુસાર, હાલમાં NEET અને JEE જેવી પ્રવેશ પરીક્ષાઓના સ્કોર્સ પર આધારિત મહત્વપૂર્ણ પ્રવેશોમાં હવે બોર્ડની પરીક્ષાઓને 50 ટકા વેઇટેજ આપવામાં આવી શકે છે.

મેડિકલ અને એન્જિનિયરિંગમાં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષાઓ હોય કે બોર્ડની પરીક્ષાઓ, કોઈપણ પરીક્ષાના ભારે દબાણ અને ઉચ્ચ-જોખમી સ્વરૂપને ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે આ શક્યતા પર વિચારણા કરવામાં આવી રહી છે. પરીક્ષા પદ્ધતિમાં મૂલ્યાંકનની ભૂલો અને પેપર લીક સહિતની શ્રેણીબદ્ધ ગરબડો સામે આવ્યા બાદ આ પગલું લેવામાં આવી રહ્યું છે, જે ગરબડોને કારણે સમગ્ર સિસ્ટમની વિશ્વસનીયતા પર નવી ચર્ચા શરૂ થઈ ગઈ છે.

એક સત્તાવાર સૂત્રએ જણાવ્યું હતું કે, જે ફેરફારો પર વિચાર કરવામાં આવી રહ્યો છે તેમાં એડમિશન/મેરિટમાં બોર્ડના ગુણ માટે 50 ટકા વેઇટેજ, કોચિંગ સેન્ટરો પરની નિર્ભરતા ઘટાડવા માટે શાળાના અભ્યાસક્રમ સાથે પ્રવેશ પરીક્ષાઓનું વધુ સચોટ સંકલન, પરીક્ષા આપવા માટે બહુવિધ તકો અને 'એડેપ્ટિવ ઓન-ડિમાન્ડ કમ્પ્યુટર-આધારિત પરીક્ષાઓ' તરફ ક્રમશઃ આગળ વધવાનો સમાવેશ થાય છે. હાલના સમયમાં, મેડિકલ અને એન્જિનિયરિંગમાં એડમિશન સંપૂર્ણપણે પ્રવેશ પરીક્ષાના સ્કોર્સ પર આધારિત હોય છે અને ઉમેદવારોએ આ પ્રવેશ પરીક્ષાઓ આપવા માટે પાત્ર બનવા બોર્ડની પરીક્ષાઓમાં માત્ર પાસિંગ કે ક્વોલિફાઇંગ ટકાવારી મેળવવાની જરૂર રહે છે. આ સુધારાઓ પર શિક્ષણ મંત્રાલય દ્વારા ગયા વર્ષે રચવામાં આવેલી નવ સભ્યોની સમિતિ દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે. આ

...અનુસંધાન પાના 15 પર

આરોપી લવકુશ મિશ્રાના મકાન પર બુલડોઝર એક્શનની ચાલતી તૈયારી

ચંપત રાય સામે એફઆઇઆરની ઉઠેલી માગ

રામમંદિર ઉચાપત: અનિલ મિશ્રાની બંધબારણે પૂછપરછ

અયોધ્યાના વકીલોએ વિરોધ કૂચ કાઢી: મૂળ એફઆઇઆર નોંધાવનાર ટ્રસ્ટી કૃષ્ણ મોહન પણ સંડોવાયેલા હોવાનું પોલીસને જણાવ્યું

ચંપત રાયે હવે ટ્રસ્ટમાં ન રહેવાની ઇચ્છા વ્યક્ત કરી

અયોધ્યા, તા. 22: રામ મંદિરમાં આવતા દાન અને ચઢાવાની કરોડો રૂપિયાની થયેલી ઉચાપતના કૌભાંડ અંગે ઉત્તર પ્રદેશ પોલીસની ખાસ તપાસ ટુકડી(સીટ) દ્વારા મંદિરના

ટ્રસ્ટી અનિલ મિશ્રાની આજે બંધબારણે પૂછપરછ કરવામાં આવી હતી, જ્યારે અયોધ્યાના વકીલ મંડળે માગ કરી છે કે ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાય સામે પણ એફઆઇઆર

...અનુસંધાન પાના 15 પર

આરોપીઓ પાસેથી કેટલીક રોકડ અને વસ્તુઓ મળી

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે તપાસ દરમિયાન મળી આવેલા રોકડ નાણાંમાં અવિનાશ શુક્લા પાસેથી ૨૦.૩૯ લાખ, કરુણેશ પાંડે પાસેથી ૧૮.૦૭ લાખ, અનુકલ્પ મિશ્રા પાસેથી ૧૬.૮૨ લાખ, લવકુશ મિશ્રા પાસેથી ૧૪.૨૫ લાખ, રમાશંકર મિશ્રા પાસેથી ૭.૩૨ લાખ અને રમાશંકર યાદવ ઉર્ફે ટિલ્લુ પાસેથી ૧ લાખ સામેલ

...અનુસંધાન પાના 15 પર

સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઇ તેમના પિતાની અંતિમ વિધિમાં હાજર નહીં રહે

ઇઝરાયેલ સાથે તનાવ વચ્ચે સુરક્ષાના કારણોસર તેમને અંતિમયાત્રા અને દફનવિધિમાં હાજર નહી રખાય

ઇસ્લામાબાદ, તા. 2 : ઇરાનના નવા સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઇ તેમના પિતા અને ઇરાનના દિવંગત સર્વોચ્ચ નેતા અલી ખામેનેઇના અંતિમ સંસ્કારમાં જાહેરમાં દેખાય તેવી શક્યતા ઓછી છે, કારણ કે સત્તાવાળાઓ તેમની સુરક્ષાની ગેરંટી આપી શકતા નથી. સુપ્રીમ લીડરના ભારત ખાતેના પ્રતિનિધિએ એક અખબારી મુલાકાતમાં આ વાત જણાવી હતી. આ પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલ સાથે વધતા તણાવ વચ્ચે ઈરાન જ્યારે

એક સપ્તાહ સુધી ચાલનારા અંતિમ સંસ્કારની તૈયારીઓ કરી રહ્યું છે, ત્યારે આ નિર્ણય સંપૂર્ણપણે સુરક્ષાની ચિંતાઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું કે તેમને જાણવા મળ્યા મુજબ 'આ ખૂબ જ જોખમી છે અને હાલના સંજોગોમાં તેમને સુરક્ષા પૂરી પાડી શકાય તેમ નથી'. લાગે છે કે તેઓ નહીં આવે એમ પ્રતિનિધિએ જણાવ્યું હતું. તેમની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે ઈરાનના શાસક મૌલવીઓ આયતોલ્લા અલી ખામેનેઈ માટે દિવસો

...અનુસંધાન પાના 15 પર

પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટશે કે નહીં? 2-3 મહિના રાહ જુઓ

સરકારે કહ્યું- ઈરાન યુદ્ધ દરમિયાન ખરીદેલું મોંઘું ક્રૂડ ઓઇલ જ પ્રોસેસ થઈ રહ્યું છે, રૂ. 74,781 કરોડનું નુકસાન થયું

નવી દિલ્હી, તા. 2. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ ગુરુવારે જણાવ્યું હતું કે, દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટશે કે નહીં, તે અંગેનો નિર્ણય આગામી બે-ત્રણ મહિનામાં જ લઈ શકાશે. અત્યારે કંઈપણ કહેવું શક્ય નથી.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, ઈરાન યુદ્ધ સમયે જ્યારે વિશ્વમાં ક્રૂડ ઓઇલના ભાવ આસમાને હતા, ત્યારે ભારતીય તેલ કંપનીઓએ મોંઘા ભાવે ક્રૂડ ઓઇલ ખરીદ્યું હતું. રિફાઇનરીઓ અત્યારે તે જ મોંઘા સ્ટોકને પ્રોસેસ કરી રહી છે.

પડતર કિંમત કરતાં ઓછા ભાવે તેલ-ગેસ વેચવાને કારણે દેશની સરકારી તેલ કંપનીઓને 30 જૂન સુધીમાં 74,781 કરોડ રૂપિયાનું નુકસાન વેઠવું પડ્યું છે. પુરીએ ઉમેર્યું કે અમેરિકા-ઈરાન સમજૂતી બાદ ક્રૂડ ઓઇલની કિંમતો નીચે આવવા લાગી છે. જો આ જ પેટર્ન 2-3 મહિના સુધી ચાલશે, તો આગામી કેટલાક મહિનામાં તેલના ભાવમાં રાહત મળવાની આશા છે.

મે મહિનામાં આઈઓસી, બીપીસીએલ અને એચપીસીએલએ મોંઘા આંતરરાષ્ટ્રીય ક્રૂડના ભાવોનો

...અનુસંધાન પાના 15 પર

તા. ૦૨-૦૭-૨૦૨૬નું વડોદરા શહેરનું

હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 0.0 મીમી	મોસમનો ૧.૬ મીમી

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૩૨.૪ સે.	૨૭.૬ સે.	૭૭%